ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 22th July, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા**

**ઈસરોના ચંદ્રયાન-૨ મિશન બાહુબલી (GSLV MK-III) દ્વારા લોન્ચિંગનું Live Striming અને સ-ચિત્ર વ્યાખ્યાન કાર્યક્રમ**

માનવ કલ્યાણ અને સંરક્ષણ માટે અવકાશ વિજ્ઞાન સાથે જોડાયેલ મિશનો તથા તેમની સિદ્ધિઓ દેશ માટે એક ગૌરવની વાત છે. અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે આપણો દેશ મોખરાનું સ્થાન ધરાવે છે, જેની પાછળ આપણા દેશના મહાન વિજ્ઞાનીઓ અને તેમની મહેનત છે. ઓછા સમયમાં ઓછા ખર્ચે, વધુ સારું કાર્ય થઇ શકે એવા મહાન ઉદ્દેશ્યોને સિદ્ધ કરતા મોટા મિશનોમાં સંપૂર્ણ સફળતા હાસિલ કરી આપણો દેશ આગળ રહ્યો છે. ઈસરો (ISRO)ની અનેક સિદ્ધિઓ દ્વારા આપણા દેશે અવકાશ વિજ્ઞાનમાં પોતાની મહત્વ પૂર્ણ જગ્યા બનાવી છે.

ઈસરો દ્વારા આવા મોટા મિશનોની સાક્ષી બનવા અને આજની જિજ્ઞાસુ યુવા પેઢીને અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે આગળ વધારવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સતત કાર્યરત રહ્યું છે. ૨૦૦૮માં ઈસરો દ્વારા ભારતનું ચંદ્રયાન-૧ મિશન સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ. તેની સફળતા બાદ આગામી તા. ૨૨ જુલાઈ, ૨૦૧૯ની બપોરે ૨:૪૬ મીનીટે બાહુબલી (GSLV MK-III) રોકેટ વડે શ્રી હરિકોટા ખાતેથી આપણા દેશનું બીજું ચંદ્ર મિશન ચન્દ્રયાન-૨ પ્રક્ષેપણ કરવામાં આવ્યું. તેમાં ચંદ્રની ભ્રમણકક્ષામાં પરિભ્રમણ કરતુ યાન, ચંદ્ર પર ઉતરાણ કરવામાટે (લેન્ડીંગ) 'વિક્રમ લેન્ડર' યાન અને વાહન 'પ્રજ્ઞાન રોવર' નો સમાવેશ થાય છે, આ ત્રણેય ભાગ ભારત વડે નિર્મિત છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૨૨ જુલાઈ, ૨૦૧૯ને સોમવારના રોજ બપોરે ૨:૧૫ કલાકથી 3:30 કલાક દરમ્યાન ચંદ્રયાન-૨ મિશન સાથે જોડાયેલ માહિતી અને આ મિશનની પ્રક્ષેપણ પૂર્વ તૈયારીઓની Live Striming દ્વારા વિશેષ માહિતી આપતો કાર્યક્રમનું આયોજન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ખાતે કરવામાં આવેલ. જેમાં લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કોઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા આ મિશનની વિશેષ માહિતી આપવામાં આવેલ.

ઈસરો દ્વારા ચંદ્રયાન -૨ ના લોન્ચિંગ રસપ્રદ ઘટનાના ખુબ જ ઉત્સાહ ૫૨ (બાવન) વિદ્યાર્થીઓ અને ભાવેણાની ખગોળ રસિક જનતા સાક્ષી બન્યા હતા.

22-7-19
5:30PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

lso like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar